# અમદાવાદ શહેર આચાર્ય સંઘ

| ડો. નીરવભાઈ ઠક્કર | કાનજીભાઈ રબારી | રાકેશભાઈ પંડ્યા |
|---|---|---|
| અધ્યક્ષ | પ્રમુખ | મહામંત્રી |

શુક્રવાર, 24 મે 2013

સુગ્ન અને સન્માનનીય સારસ્વત ભાઈઓ બહેનો,

સાદર નમસ્કાર.

આપણે સૌ તા. ૧૭/૫/૨૦૧૩ ન રોજ મિરામ્બિકા હાઈસ્કૂલમાં મળ્યા હતાં અને ભરૂચ ખાતેની ગુજરાત રાજ્ય આચાર્ય સંઘમાં મળનાર સંસદ સંદર્ભે ચર્ચા કરેલ. આ ચર્ચાના અંતે, આપણે સૌએ કલ્યાણનીધિ, સંસદ તેમજ ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂટણી સંદર્ભે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘમાં રજૂઆત કરવા ઠરાવેલ હતું. જેની લેખીત રજૂઆત તા.૧૯/૫/૨૦૧૩ની સંસદમાં કરેલ જેની નકલ આ સાથે સામેલ છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા તા. ૧૯/૫/૨૦૧૩ના રોજ મળેલ સંસદમાં રાજ્ય આચાર્ય સંઘ દ્વારા જિલ્લા ઘટક સંઘના પ્રમુખ અને મહામંત્રીના અભિપ્રાય સાથે ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની આગામી ચૂટણી સંદર્ભે રાજ્ય આચાર્ય સંઘના માન્ય ઉમેદવાર નક્કી કરવા માટે, પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવામાં આવેલ. જેના અધ્યક્ષ તરીકે, શ્રી યુ.એ. કડીવાર, તથા સભ્ય તરીકે શ્રી રાકેશસિંહ રાઠોડ, શ્રી કનુભાઈ પટેલ, શ્રી સંજયભાઈ દેસાઈ તથા રુગનાથસીંહ સોલંકી છે. પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા મળેલ પ્રથમ બેઠકમાં તેમના દ્વારા ગુજ. રાજ્ય આચાર્ય સંઘ દ્વારા માન્ય ઉમેદવારની પસંદગી માટે નોર્મ્સ તા. ૨૪/૫/૨૦૧૩ના રોજ જાહેર કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

આપ સૌ જાણો છો કે, આપણ ઝોનમાં અમદાવાદ (શહેર), અમદાવાદ (ગ્રામ્ય), પોરબંદર, બનાસકાંઠા, ગાંધીનગર છે. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ આ પાંચ જિલ્લામાં થઈ એક માન્ય ઉમેદવાર નક્કી કરશે, અને તે માટે દરેક જિલ્લા ઘટક આચાર્ય સંઘ પાસે એક એક નામ મંગાવશે. આ સંદર્ભે આપણા જિલ્લામાંથી બહુમતીથી એક નામ મોકલવાનું થાય છે.

ઉપરોક્ત અનુસંધાને અમદાવાદ શહેર આચાર્ય સંઘ,આગામી ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂટણી દરમ્યાન, ગુજ. રાજ્ય આચાર્ય સંઘના માન્ય ઉમેદવાર તરીકે ઇચ્છા ધરાવતા ઉમેદવારોને આમંત્રિત કરે છે.

ઈચ્છુક ઉમેદવારે, પ્રમુખ અથવા મહમંત્રીને પોતાની ઈચ્છા ધરવાતો પત્ર, આ સથે જોડેલ અમદાવાદ શહેર આચાર્ય સંઘના નિયત નમૂનાનું ફોર્મ, ઉમેદવાર ના સંક્ષિપ્ત બાયોડેટા, આચાર્ય સંઘમાં આપેલ યોગદાન સંક્ષિપ્તઅંગેનો અહેવાલ , તેમજ, રૂ. ૫૦૦૦/- નો અમદાવાદ શહેર આચાર્ય સંઘનો ચેક, ફોર્મ ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા, મહામંત્રીના કાર્યાલય શ્રી માત્રુછાયા હાઈ સ્કૂલ, ગોમતીપુર ખાતે તા. ૨૫/૫/૨૦૧૩ થી ૨૭/૫/૨૦૧૩ના રોજ જમા કરાવવાનું રહેશે.

# અમદાવાદ શહેર આચાર્ય સંઘ


| ડો. નીરવભાઈ ઠક્કર | કાનજીભાઈ રબારી | રાકેશભાઈ પંડ્યા |
| --- | --- | --- |
| અધ્યક્ષ | પ્રમુખ | મહામંત્રી |


આપણી સૌની સંમતિથી આપણા ઘટક સંઘમાંથી સંયુક્ત રીતે ઉમેદવારની પસંદગી માટે હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની સભા <u>તા. ૨૮/૫/૨૦૧૩ના રોજ વિકાસ ગૃહ શાળા, વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ ખાતે સવારે ૯.૩૦ કલાકે રાખેલ છે</u>, આપ સૌને હાજર રહેવા હાર્દીક નિમંત્રણ છે. અમને આશા અને વિશ્વાસ છે, કે આવનાર સમયમાં અમદાવાધ શહેર આચાર્ય સંઘ હમેશ મુજબ તેના સંગઠન અને અત્યાર સુધી પાડેલ નેત્રુત્વ સમગ્ર રાજ્ય માટે પથ દર્શક બની રહેશે.

આપના આગમનની પ્રતિક્ષા સહ,

| ડો. નીરવભાઈ ઠક્કર | કાનજીભાઈ રબારી | રાકેશભાઈ પંડ્યા |
| --- | --- | --- |
| અધ્યક્ષ | પ્રમુખ | મહામંત્રી |

નોંધ :

૧. અમદાવાદ શહેર આચાર્ય સંઘના જે ઉમેદવારની પસંદગી થાય તે ઉમેદવારે રાજ્ય આચાર્ય સંઘના ફોર્મ સાથે રુ. ૨૫,૦૦૦/- ડીપોઝીટ સ્વરૂપે ડી.ડી. જમા કરાવવાનો થાય છે.

૨. ચૂટણીની તારિખ અને વય નિવુત્તી તારીખ વચ્ચે ઓછામાં ઓછો, ચાર વર્ષનો નોકરીનો સમય ગાળો અનિવાર્ય છે.

૩. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ તરફથી નોર્મ્સ તા. ૨૪/૫/૨૦૧૩ બપોરે ૧૪.૦૦ કલાક પછી ઉપલબ્ધ થવા છતાં શક્ય એટલી ઝડપથી આપને આ સંદેશો પહોંચાડવા પ્રયત્ને કરેલ છે.